# પ્રકરણ-૧૭
# બાળપણથી યુવાવસ્થા દરમ્યાન જાતીયતા કેવી રીતે વિકસે?

બાળક જાતિયતા (સેક્સ્યુઆલીટી) વિશે કેવી રીતે શીખે છે તે જાણવું દરેક વાલીએ જરૂરી છે. તે જાણકારીના બેકગ્રાઉન્ડમાં જ બાળક કેવી રીતે વર્તે છે? તેની સામે વાલી કેવી રીતે અને શું કામ વર્તે છે? કેવી રીતે વર્તવું જોઈએ, વગેરે જેવા પ્રશ્નોની છણાવટ થઈ શકે છે.

સાવ સરળ અને સૌથી સામાન્ય દાખલો લઈએ તો નાનપણમાં દરેક બાળકની એક સામાન્ય હરકત હોય છે કે તે પોતાના જનાનઅંગો સાથે રમત કરે અને તેમાંથી આનંદ મેળવે. આ હરકતને જુદા જુદા ઘરોમાં જુદી જુદી રીતે મૂલવવામાં આવે અને તે રીતે બાળક સાથે વર્તવામાં આવે છે. મોટા ભાગના ઘરોમાં બાળકને એવું કહેવાય કે ‘નહીં, છી! આવું ના કરાય’ અથવા ‘બસ બહુ થયું! આવું ગંદુ ના કરાય’. કોઈકને વળી આ હરકતને ગંદી કે છી ના કહેવડાવી હોય તો કહેશે કે ‘આમ ના કરાય વાગી જશે!!’. હવે ખરેખર જોવા જઈએ તો મનોવિજ્ઞાનની દૃષ્ટિએ આ તદ્દ્ન કુદરતી હરકત છે. તમે ઝીણવટથી અભ્યાસ કરશો તો જણાશે કે આવી હરકત આઠથી વીસેક મહિનાની ઉંમરે બાળક કરતું હોય છે. નાનું બાળક આ ઉંમરે પોતાના શરીરના વિવિધ અંગો ઓળખતા શીખતું હોય છે. જેમ કે આંખ, નાક, મોં, હાથ-આંગળીઓ, પગ, પેટ વગેરે. તેમ કરતાં કરતાં પોતાના જનાંનઅંગો પણ ઓળખતાં શીખે. બીજું કે આ ઉંમરે બાળક પોતાના શરીરનો લખલૂટ આનંદ લૂંટતું હોય. તે ખૂબ હસે, ખાવામાં આનંદ અનુભવે, ખોરાક જોતા જ મોંમાં પાણી વછુટે, કિલકારીઓ કરે અને ખાતા ખાતા તથા પછી પણ ચપાક્ ચપાક્ અવાજો પણ કરે! તે હાથમાં આવતી દરેક વસ્તુઓ મોંમાં મૂકી જીવભરી ચૂસે, વ્હાલમાં આવીને દરેકને બચીઓ ભરે, બટકાં ભરે, ચાટે વગેરે જેવા શારીરિક વર્તનો દરેક બાળક આનંદપૂર્વક કરતું હોય છે, એટલે જ્યારે તે જનાંનઅંગો વિશે સભાન થાય ત્યારે તેને પકડી અને રમત કરે તે સ્વાભાવિક છે અને તેમાંથી તેને આનંદ પણ મળે છે તે કુદરતી હકીકત છે. હવે આ રમત-હરકત સામે કેવી રીતે મોટાંઓ વર્તે તે સામાજીક, કૌટુંબિક અને સાંસકૃતિક મૂલ્યો પર આધારિત હોય છે. માત્ર આ હરકત નહીં પણ કોઈપણ જાતીયતા સાથે સંબંધિત મુદ્દ્ વાલીઓનું વર્તન આ પ્રકારે નિર્ભર હોય છે. સમાજમાં વાલીઓ એવું શીખે અથવા માને કે જાતીયતા બિભત્સ્ હોય, શરમજનક હોય, ગંદી હોય ત્યાં બાળકને પણ એવું શીખવાય છે. એટલે જનાંનઅંગ સાથે રમત કરતા બાળકને ‘ના’ કહેવાય અને ‘ના’ માટે એ પ્રકારે કારણો જણાવાય છે. પછી બાળક પણ એવું શીખે કે આ યોગ્ય નથી!! પણ આ માત્ર ‘ યોગ્ય નથી’ પર અટકતું નથી. બાળક પોતાની અપરિપક્વ બુધ્ધિથી તેને મુલવી પોતાની આગવી સમજણ ઊભી કરે છે જે કદાચ ભયાનક પણ હોય અને મોટાં થતાં પણ જાતીયતા માટે ભ્રામક ખ્યાલો કાયમ રહે છે. આવા જ ઘણા નાનપણના ખોટા અનુભવો-ગેરસમજણો મોટી ઉંમરની જાતીયતાની સમસ્યાઓનું મૂળ બને છે. તેવું મનોવૈજ્ઞાનિકો માને છે! ‘ના પાડવાથી બાળક જાતીય ચેષ્ટાઓ બંધ કરી દેશે, પણ શરીર અને મનની અંદરથી ઉદ્ભવતા કુદરતી જાતીય તરંગો અને તેને થકી ઊભી થતી જાતીયતાની

જરૂરિયાતો તો ત્યાં રહે છે. બાળકનું મન કુદરતી સંકેતો અને વાલીઓની 'ના' વચ્ચે અસમંજસમાં રહ્યા કરે. પ્રખ્યાત મનોવૈજ્ઞાનિક ફ્રોઇડના મંતવ્ય પ્રમાણે આ અટંસ બાળકના મનમાં કેવી રીતે ઉકેલાય છે તેના પર તે પુખ્ત વયે કેવું ચરિત્ર ધરાવશે તેનો આધાર રહે છે!

આટલી તાર્કિકતા પછી આપણે બાળકને કુદરત કેવા જાતીય સંકેતો આપે છે અને તેથી બાળક કેવી રીતે વર્તવા પ્રેરાય છે તે અંગે વધુ જાણીએ. એકથી દોઢ વર્ષના બાળકની જનાંનઅંગોની રમતથી આગળ વધીને બેથી ચાર વર્ષના બાળકો સ્ત્રી-પુરુષના શારીરિક ભેદ ઓળખતા શીખે છે. પુરુષોની શરીર બહાર ઉભરતું લટકતું જનાંનઅંગ હોય અને સ્ત્રીઓને ના હોય તેવી સમજણ અન્ય બાળકો અને મોટાઓને જોઇને પેદા થાય. તેવી રીતે સ્તનપ્રદેશવિશે અને ત્યારબાદ સ્ત્રીઓને શરીરની અંદર તરફ જનાંનઅંગો હોય તેવી પ્રતીતિ ઘણી મોડેથી થાય છે.

આવી સમજણ કેળવવામાં બાળકો વચ્ચે 'ઘર-ઘર' અને 'મમ્મી-પપ્પા' કે 'ડૉક્ટર-ડૉક્ટર' રમવાની સામાજિક રમતો ઘણો ભાગ ભજવે છે. જેમાં બાળકો એકબીજાના શરીરમાં રસ લઇ અરસપરસ શરીરના અંગોનું પ્રદર્શન કરે, અડે તથા અડવા દે અને આગળ વધીને જે ચેષ્ટાઓમાં આનંદ મળે તે વારંવાર કરવા પ્રેરાય છે. આવી જાતીય પ્રગતિ દરમ્યાન બાળક જનાંનઅંગોને ઘસીને આનંદ મેળવે જેને હસ્તમૈથુન તરીકે ઓળખાય છે. બાળક સીધી રીતે હસ્તમૈથુન કરે અથવા રમતમાં રમકડાં સાથે, કે પલંગ પર ગાદલાં સાથે, સોફાનો હેન્ડલો પર અથવા વડીલના શરીર સાથે પોતાનું શરીર ઘસી જાતીય આનંદ મેળવે છે. તેને જાહેરમાં આવું કરતાં રોકાય તો એકાંતમાં પણ તે હસ્તમૈથુન કરી પોતાની શાંતિ મેળવે છે. આ 'શાંતિ' શબ્દ એટલા માટે વાપર્યો છે કે હસ્તમૈથુન દ્વારા મનમાં ઊભી થયેલી કોઇ પણ કારણોસર માનસિક તાણ, ચિંતાઓ અને બીકમાં પણ રાહત મળે છે!

પછી સ્કૂલે જતું થાય ત્યારે બાળક જાતીયતામાંથી અન્ય બાબતોમાં વધુ રસ ધરાવતું થાય એટલે હસ્તમૈથુનનું પ્રમાણ ઘટી જાય. પણ આ ઉંમરે એકબીજાના જનાંનઅંગોની સરખામણી કરતા હોય છે. આ સરખામણી બીજી બધી જાતની સરખામણીઓ (જેમ કે વાળ, ચામડીનો રંગ, કપડાં, બુટ વગેરે) જેવીજ ગણી શકાય!!

ત્યાર બાદ તરૂણાવસ્થામાં અને યુવાવસ્થામાં શરીરમાં કુદરતી અંતસ્ત્રાવોના ફેરફારો (અવાજ, વજન, ઊંચાઇ, બગલ અને જનાંનઅંગના વાળ, શરીર પરના વાળ, ચામડીની સ્નિગ્ધતા વગેરે) સાથે જાતીયતાનું નવું જ પ્રકરણ શરૂ થાય છે. એટલે શારીરિક સેક્સ અને રોમેન્ટીક લાગણીઓમાં રસ જાગે છે. આ નવી જાતીયતાની જરૂરિયાતોને બાળક પોતાના નાનપણના ભૂતકાળના અનુભવની આરસીમાં જુએ છે. જો તેમાં જાતીયતાને ખરાબ, શરમજનક કે ભયાનકતાનો રંગ લાગ્યો હોય તો તે પ્રમાણે તરૂણ-યુવાન સંકોચ, ગુનાહિત અને અજુગતુ થયાની લાગણી પોતાની જાતીયતા પ્રતિ અનુભવશે! તેનો સાવ સાદો દાખલો લઇએ તો આવી સમજણ થકી તરૂણો-યુવાનો વિજાતીય વ્યક્તિ સાથે વર્તવામાં શરમ, ક્ષોભ, સંકોચ અનુભવે છે. તરૂણાવસ્થામાં શરૂઆતે એકદમ પ્રેમ અને ઉષ્માની લાગણીનો જાણે ઉભરો જ આવે છે. આ ધોધની કોઇ ખાસ દિશા ના મળે એટલે પહેલા તો વાલી તરફ જ ઢળે તેવું જોવા મળે છે. સામાન્ય રીતે તે લાગણીને તરૂણો વ્યક્ત ના કરે, પરંતુ તેથી ઊંધું આ લાગણીને ઢાંકવા બાળક વાલી સાથે લડતુંઝઘડતું હોય છે!!

તરૂણાવસ્થામાં શરૂઆતે બાળકને કોઇક પણ ફેમસ જાણીતી વ્યક્તિ (જેમ કે ફિલ્મ સ્ટાર, હિરોઇન) પ્રત્યે અથવા નજીકના માનનીય વ્યક્તિ (જેમ કે શિક્ષક) પ્રત્યે જોરદાર એટેચમેન્ટની લાગણી થઇ આવે છે. પછી વધતી ઉંમરે આવી લાગણી વિજાતીય વિદ્યાર્થી માટે થાય અને મુગ્ધાવસ્થાનો પ્રેમ છલકાય, પણ તે પ્રકટ વ્યક્ત કરતા સંકોચનો અનુભવ થાય. જો કોઇ તરૂણને આવી કોઇ લાગણી ક્યારેય ના થાય અને પુખ્ત વયે પણ લાગણીવિહીન રહે તો તેને મનોવૈજ્ઞાનિક તકલીફ હોય શકે તેમ સમજવું અને ડૉક્ટરની સલાહ લેવી.

તેવી રીતે તરૂણાવસ્થામાં માત્ર એક જ વ્યક્તિ તરફ પ્રેમની લાગણી સ્થિર ના રહી શકે તેવું કુદરતી હોય છે પણ સામાજિક દૃષ્ટિએ તે ખોટું છે તેવું તરૂણના મનમાં જરૂર હોય એટલે માનસિક દ્વંદ્વ પણ ઊભો થાય છે!

એટલે છેવટે ટૂંકમાં કહીએ તો દરેક વાલીએ બાળકની સમજણમાં નાનપણથી સરળતાપૂર્વક એવું ઉતારવું જરૂરી છે કે જાતીયતા - સેક્સ કુદરતી શારીરિક આનંદદાયક લાગણી હોય છે, તેને કોઇ બે વ્યક્તિની વિશ્વસનીયતાનો આધાર બનાવી શકાય (જેમ કે લગ્ન દ્વારા) અને ત્યારે વ્યક્ત કરી શકાય, પરંતુ તે અંગેના નિર્ણયો પૂરી જવાબદારી સાથે લેવા જોઇએ, કારણ કે જાતીયતાને માત્ર શારીરિક ખેલ સમજી લાગણીથી અળગી કરી ના શકાય, નહીં તો તેના ખરાબ માનસિક અને શારીરિક પરિણામો આવી શકે છે. આવી જવાબદારીપૂર્વક લાગણી પરનો કાબૂ અપાવવા માટે જાતીયતાને ગંદી, ખરાબ, નુકશાનકર્તા ચિતરવી નહીં તે જરૂરી છે. જો ખરાબ ચિતરવામાં આવે તો પણ બાળક કુદરતી આવેગને કાબૂમાં તો નહીં લઇ શકે અને વાલી પાસે યોગ્ય માર્ગદર્શન મેળવવાને બદલે અન્ય ખોટી જગ્યાએથી ગેરમાર્ગે દોરવાઇ ખરાબ વર્તન કરી બેસે તેવી પૂરતી શક્યતા રહે છે.

**તરૂણાવસ્થામાં શરૂઆતે બાળકને કોઇક પણ ફેમસ – જાણીતી વ્યક્તિ પ્રત્યે જોરદાર એટેચમેન્ટની લાગણી થઇ આવે છે. પછી વધતી ઉંમરે આવી લાગણી વિજાતીય વિદ્યાર્થી માટે થાય અને મુગ્ધાવસ્થાનો પ્રેમ છલકાય, પણ તે પ્રકટ-વ્યક્ત કરતા શરમ સંકોચનો અનુભવ થાય.**